# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 27-10-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમમાં સાઇબર ક્રાઇમ તેમજ ડિજીટલ અરેસ્ટ અંગે ચિંતા વ્યક્ત કરી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વડોદરા અને અમરેલીમાં વિવિધ વિકાસ કાર્યોનું ખાતમૂર્હુત અને લોકાર્પણ કરશે
- સરકારે મનરેગા યોજના અંતર્ગત પ્રથમ છ માસિક ગાળામાં 16 ટકાનો ઘટાડો થયો હોવાના અહેવાલોને રદિયો આપ્યો
- 17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા કૉન્ફરેન્સનું ગાંધીનગર ખાતે સમાપન, સુરત શહેરને શ્રેષ્ઠ બુદ્ધિશાળી પરિવહન વ્યવસ્થાનો અવોર્ડ અપાયો.
- અને અમદાવાદ ખાતે રમાઈ રહેલી બીજી વન ડે મેચમાં ન્યુઝીલેન્ડ મહિલા ક્રિકેટ ટીમે ભારતને ૨૬૦ રનનો લક્ષ્યાંક આપ્યો.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાઇબર ક્રાઇમ ડિજીટલ અરેસ્ટને લઈને ચિંતા વ્યક્ત કરી છે. આજે આકાશવાણી પરથી પ્રસારિત ‘મન કી બાત’ કાર્યક્રમમાં તેમણે કહ્યું કે કાયદાકીય રીતે કોઈને પણ ડિજીટલી અરેસ્ટ કરી શકાતા નથી. વધુમાં તેમણે ઉમેર્યું કે ડિજીટલ અરેસ્ટના નામ પર થઈ રહેલા કૌભાંડોને રોકવા માટે તમામ એજન્સીઓ સાથે મળીને કામ કરી રહી છે.

**(BYTE 0 PM MODI (ડિજિટલ અરેસ્ટ))**

પ્રધાનમંત્રીએ ડિજીટલ સુરક્ષા માટે ત્રણ ઉપાયો - રોકાઓ, વિચારો અને કરો - ની ચર્ચા કરી. તેમણે આવી સ્થિતિમાં શાંત રહેવાની તેમજ વ્યક્તિગત માહિતી કોઈ સાથે શેર ન કરવા માટેની સલાહ આપી. સાથે જ સાઇબર હેલ્પલાઇન નંબર 1930 ડાયલ કરવા તેમજ સાઇબર ક્રાઇમ ડોટ જીઓવી ડોટ ઇન પર જાણ કરવાની સલાહ આપી.

શ્રી મોદીએ વિશ્વ એનિમેશન દિવસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ભારત એનિમેશનની દુનિયામાં નવી ક્રાંતિ તરફ આગળ વધી રહ્યું છે. તેમણે છોટા ભીમ, ઢોલક પુર ઢોલ, કૃષ્ણા, હનુમાન અને મોટુ – પતલુ કાર્ટૂન વિશે વાત કરતા જણાવ્યું કે દુનિયાભરમાં આ કર્ટૂન્સના પ્રશંસકો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગેમિંગની દુનિયામાં ભારતની લોકપ્રિયતા વિશે પણ વાત કરી.

તેમણે ઉમેર્યું કે એનિમેશનની સાથે વર્તાકાર, લેખકો, સારા અવાજ વાળા સંગીતકાર, ગેમ ડેવલપર, વીઆર અને એઆર નિષ્ણાતોની માગ વધી રહી છે. શ્રી મોદીએ યુવાનોને પોતાની સર્જાનાત્મકતાને વિસ્તારવાની અપીલ કરી.

પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતા અંગે પ્રસન્નતા વ્યક્ત કરી.

(BYTE – PM MODI (આત્મ નિર્ભરતા))

તેમણે તહેવારોના સમયને જોતા વોકલ ફૉર લૉકલના મંત્રને ધ્યાનમાં રાખવાની અપીલ કરી.

કાર્યક્રમમાં શ્રી મોદીએ કેલીગ્રાફીનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું કે આજકાલ જમ્મૂ કાશ્મીરમાં સ્થાનિક સંસ્કૃતિને લોકપ્રિય બનાવવા માટે કેલીગ્રાફીનો પ્રયોગ કરાઈ રહ્યો છે.

મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રીએ ફીટ ઇન્ડિયા વિશે વાત કરતા જણાવ્યું કે ફિટ ઇન્ડિયાની ભાવના હવે લોક આંદોલન બની ગઈ છે. શ્રી મોદીએ આ દિવાળી પ્રસંગે 31 ઑક્ટોબરના રોજ સરદાર પટેલ જયંતિનો પણ ઉલ્લેખ કરતા રન ફોન યુનિટી વિશે વાત કરતા આ મુજબ જણાવ્યું.

(BYTE – PM MODI RUN FOR UNITY)

પ્રધાનમંત્રીએ કાર્યક્રમને અંતે દેશના નાગરિકોને ધનતેરસ, દિવાળી, છઠ પૂજા અને ગુરુનાનક જયંતીની શુભેચ્છા પાઠવી.

## PM VADODARA AMRELI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝ આવતીકાલે વડોદરામાં સી-295 એરક્રાફ્ટ કૉમ્પલેક્ષનું ઉદઘાટન કરશે. સી-295

પ્રોગ્રામ હેઠળ કુલ 56 એરક્રાફ્ટ છે જેમાંથી 16 વિમાન સીધા સ્પેનથી એરબસ દ્વારા પહોંચાડવામાં આવી રહ્યા છે. અને બાકીના 40 એરક્રાફ્ટ ભારતમાં બનશે.

પ્રધાનમંત્રી મોદી આવતીકાલે વડોદરાથી બપોરે અમરેલીના દૂધાળામાં ભારત માતા સરોવરનું ઉદઘાટન કરશે. ત્યારબાદ લાઠી, અમરેલી ખાતે ચાર હજાર 800 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કામોનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

# MANREGA

સરકારે મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરેન્ટી યોજના – મનરેગાના પ્રથમ છ માસિક ગાળામાં 16 ટકાનો ઘટાડો થયો હોવાના અહેવાલોને રદિયો આપ્યો છે. ગ્રામીણ વિકાસ મંત્રાલયે જણાવ્યું છે કે મનરેગા યોજના એ માંગ આધારિત યોજના છે, અને વર્તમાન નાણાકીય વર્ષમાં પણ યથાવત છે.

મંત્રાલયે કહ્યું છે કે 2014 - 2015 થી 2024 -25 વચ્ચે કુલ 2 હજાર, 923 કરોડ શ્રમિક દિવસો માટે રોજગારીનું સર્જન થયું. જ્યારે 2006 – 2007થી 2013 -2014 વચ્ચે 1 હજાર, 660 કરોડ શ્રમિક દિવસોનું સર્જન થયું.

મંત્રાલયે જણાવ્યું છે કે મનરેગા યોજનાનો હેતુ દેશના ગ્રામીણ ઘરોમાં રોજગાર સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. જે અંતર્ગત પ્રત્યેક ઘરમાં પ્રતિ વર્ષ ચોક્કસ વેતન સહિત ઓછામાં ઓછા સો દિવસની રોજગારી આપવામાં આવે છે.

આ યોજના અંતર્ગત અકુશળ કાર્ય માટે પ્રત્યેક ઘરમાંથી એક વયસ્ક સભ્ય રોજગાર મેળવવા માટે હકદાર છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# AMIT SHAH - LAND PORT

કેન્દ્રીય ગૃહમંત્રી  અમિત શાહ આજે પશ્ચિમ બંગાળમાં ભારત-બાંગ્લાદેશ સીમા પર  આવેલ પેટ્રાપોલના લેન્ડ પોર્ટ ખાતે નવનિર્મિત પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગ અને 'મૈત્રી દ્વાર' નામના કાર્ગો ગેટનું ઉદ્ઘાટન કર્યું હતું.  'મૈત્રી દ્વાર' કાર્ગો ગેટ એ બંને દેશો દ્વારા સંમત થયેલી સંયુક્ત સુવિધા છે.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે આ મુજબ જણાવ્યું કે

(બાઇટ –અમિત શાહ)

શ્રી શાહે ગયા વર્ષે ૭ મેના રોજ આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ ટર્મિનલનો ઉદ્દેશ્ય ભારત અને બાંગ્લાદેશ બંનેના નાગરિકો માટે આંતરરાષ્ટ્રીય વેપાર અને ક્રોસિંગની સુવિધા આપવાનો છે. પેટ્રાપોલ કાર્યક્રમ પછી, શ્રી શાહ

બપોરે હુગલી જિલ્લાના આરામબાગમાં સહકારી વિભાગ દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપી હતી.

# URBAN MOBILITY CONFERENCE-1

કેન્દ્રીય મકાન અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું છે કે ભારત આગામી ટૂંક સમયમાં વિશ્વનું સૌથી વિશાળ મેટ્રો નેટવર્ક બની જશે.

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે 17મી અર્બન મોબિલિટી ઇન્ડિયા કૉન્ફરેન્સના સમાપાન સમારોહને સંબોધતા શ્રી ખટ્ટરે ટકાઉ અને સમાન જાહેર પરિવહન સેવા પર ભાર મૂક્યો.

મંત્રીએ કહ્યું કે સરકારે ટકાઉ અને સંકલિત શહેરી પરિવહન સુનિશ્ચિત કરવા માટે જબરદસ્ત પગલાં લીધાં છે. તેમણે ઉમેર્યું કે, છેલ્લા દસ વર્ષો દરમિયાન દેશમાં 725 કિલોમીટરથી વધુનું કામ કરવામાં આવ્યું છે અને અન્ય 974 કિલોમીટરનું મેટ્રો નેટવર્ક નિર્માણાધીન છે.

(Byte- Manoharlal Khattar)

શ્રી ખટ્ટરે ટેક્નોલોજી, નવીનતા, હરિત ઉપાયો અને જાહેર – ખાનગી ભાગીદારીનો ઉપયોગ ટકાઉ, સુલભ અને સર્વસમાવેશક જાહેર પરિવહન સુનિશ્ચિત કરવા માટે કરવો જોઈએ એમ જણાવ્યુ.

કાર્યક્રમ દરમિયાન ‘શહેરી પરિવહનમાં શ્રેષ્ઠ કામગીરી બદલ રાજ્ય અને શહેરોને વિવિધ ૭ શ્રેણીમાં પુરસ્કાર આપવામાં આવ્યા. જેમાં સૌથી ટકાઉ પરિવહન સેવાનો એવોર્ડ કોચી મેટ્રો રેલ કોર્પોરેશનને, શ્રેષ્ઠ જાહેર પરિવહન માટે ભુવનેશ્વરને, જ્યારે શ્રેષ્ઠ બુદ્ધિશાળી પરિવહન વ્યવસ્થાનો અવોર્ડ સુરત શહેરને આપવામાં આવ્યો.

## WOMEN CRICKET

**અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે ભારત અને ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટ ટીમ વચ્ચે બીજી એકદિવસીય મેચ રમાઈ રહી છે.**

**મેચમાં ટોસ જીતીને બેટિંગ કરતા ન્યૂઝીલૅન્ડની ટીમે ૫ વિકેટે ૨૫૯ રન બનાવ્યા હતા અને ભારતને જીતવા માટે ૨૬૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ન્યુઝીલેન્ડની મહિલા ખેલાડી ડેવિનાએ સૌથી વધુ ૭૯ રન કર્યા હતા.**

**ભારતની મહિલા ખેલાડી આર.યાદવે ૪ વિકેટ ઝડપી હતી. અમને છેલ્લા મળેલા અહેવાલો પ્રમાણે ભારતે 33 ઓવરમાં 8 વિકેટે 138 રન બનાવ્યા છે.**

**ત્રણ મેચની આ શ્રેણીમાં ભારતે 1-0ની લીડ બનાવી છે.**

## MUMBAI-STAMPEDE INCIDENT

**મુંબઈના બાંદ્રા ટર્મિનસ ખાતે મચેલી નાસભાગમાં નવ લોકોને ગંભીર રીતે ઈજા થવા પામી હતી. બાંદ્રા ટર્મિનસના પ્લેટફોર્મ નંબર 1 પર આ ઘટના બની હતી. ઈજાગ્રસ્તોને નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસાડાયા હતા. ઘટના કયા કારણોસર બની તે અંગે તપાસ ચાલી રહી છે.**

# RULE OF LAW INDEX

વિશ્વ ન્યાય પ્રકલ્પ – WJPની કાયદાની યાદીમાં વિશ્વના 142 દેશોમાં પાકિસ્તાનને 140મું સ્થાન આપવામાં આવ્યું છે, જે તેને આ યાદીમાં વિશ્વનો ત્રીજો સૌથી ખરાબ દેશ બનાવે છે. માલી અને નાઇજિરિયા કાયદા અને સુરક્ષાની દૃષ્ટિએ પાકિસ્તાન કરતા પણ નીચે સ્થાન પામ્યા છે. જ્યારે આ યાદીમાં ડેનામાર્ક પ્રથમ ક્રમાંકે છે. જે બાદ નોર્વે, ફિનલેન્ડ, સ્વીડન અને જર્મની આવે છે. આ યાદીમાં ભારત 98માં ક્રમાંકે છે.

વિશ્વ ન્યાય પ્રકલ્પના તાજેતરના અહેવાલ મુજબ સરકાર સામેના પડકારો, ભ્રષ્ટાચારનું પ્રમાણ, મુક્ત અને પારદર્શક સરકાર, મૂળભૂત અધિકાર, વ્યવસ્થા અને સુરક્ષા તેમજ નિયમનકારી અમલીકરણ, નાગરિક ન્યાય તેમજ ફોજદારી ન્યાય સહિતના વિવિધ પરિબળોના આધારે દેશોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

# PUNJAB POLICE

પંજાબ પોલીસે પાકિસ્તાનથી રાજ્યમાં ગેરકાયદેસર રીતે આવતા નશિલા પદાર્થોના રેકેટને ઉજાગર કર્યું છે. દરમિયાન 105 કિલોગ્રામ હેરોઇનનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસની કાઉન્ટર ઇન્ટેલિજેન્સ વિંગે અમૃતસરમાં બે લોકોની ધરપકડ કરી છે. સાથે જ હેરોઇન અને અંદાજે 32 કિલોગ્રામ કૈફિન એનહાઇડ્રસ, 17 કિલોગ્રામ ડીએમઆરની સાથે 6 પિસ્તોલ જપ્ત કરી છે.

તસ્કરોએ રબર ટાયર – ટ્યૂબમાં પાકિસ્તાનથી નશીલા પદાર્થોની હેરફેર માટે જળમાર્ગનો ઉપોયગ કર્યો હતો.

# OBAMA SUPPORT HARRIS

અમેરિકાના પૂર્વ પ્રથમ મહિલા મિશેલ ઓબામા મિશિગનના પ્રચાર કાર્યક્રમમાં ઉપ રાષ્ટ્રપતિ કમલા હેરિસ સાથે જોડાયા હતા. આ પ્રચાર કાર્યક્રમને રાજ્યમાં વહેલા મતદાનના પ્રારંભ તરીકે જોવાઈ રહ્યો છે. રાજકીય નિષ્ણાતોના મતે ડોનાલ્ડ ટ્રમ્પ સામેની સ્પર્ધામાં કટ્ટર હરિફાઈ જોવા મળી રહી છે. કમલા હેરિસનો હેતુ મતદારોને એકત્ર કરવાનો છે, ખાસ કરીને એવા ઉપનગરિય સમુદાયો જ્યાં ઓબોમાની પકડ મજબૂત રહી છે.